॥ जैनोदयजयति ॥

अथिर संसार विषे.

 (हरिगीत छंद.)

મુનિ ઉમેદચંદજીનો બનાવેલ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા ત્રીભોવનદાસ માણેકચંદ.

तथा

शा. अंबालाल ललचंद.

અમદાવાદમાં.

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યા.

સંવત ૧૯૪૫ સને ૧૮૮૯

મુલ્ય ૧ આનો.

અથિર સંસાર વિષે.

મંગળાચરણ (કવિત.)

જય આદિ નિરંજન આદિ કરી, સંઘ ચાર કું તારણ ધર્મ જપે,
સય બોદ્ધ લઇ ભવ અંત કીયો, વર કેવળ નાણ સ કર્મ ખપે;
ભવ તાપ નિવારણ આપ તણાં, દ્રવ્ય ભાવ દુવાદસ ગર્મ તપે,
સર અંગધરી ધરણી ધર્મારથ, પાય નમું તસ પર્મ નફે. ૧

જીન સ્તુતી, શીખરણી વ્રતમ્.

સાંતિ દાતા માતા, ત્રાતા ભ્રાતા જગ ગુરૂ.
કમળા અચળા વાસા, આષા પુરણ સુખ કરૂ;
સબળા વિમળા નાણી, જાંણી મુજ કરૂણા કરો,
કોટા કોટી મારા; જરણા મરણા ભય હરો. ૧
અભર ભરણાં ભારી, ભકતી વચ્છળ અઘ હરૂ,
વ્રષભાદી વ્રધમાંના, કર્માં તેં તે શિવ વરૂ;
ઉરમે ધારી સરણો, નિસ વાસર મેં તુજ કર્યો,
વિર્મિ અર્તિ સર્વે, કિર્તિ ગાવા ચિત ઠર્યો. ૨
કમળા કર સમ શ્વામી, જ્ઞાનામ્બુજ સું ભર ભર્યો,
અનત ગુણ સમ લહીરો, લેવા મુજ મંન સંચર્યો;
સર મધ્ય પંકજ સોહે, દરસન પરસન મન મધુ,
તસ બાસેં જગ ભાસે, નિસ દિન કૈ સીવ વધુ. ૩

મુજ સિર પર વર રાજે, ગાજે ત્રિગડે ગુણ નિલો,
ધર્માદિક ગુણ ધાંમી, ભુવન ત્રિપર સિર તિલો;
નર સુર કોટા કોટી, ચોંટિ તુજ ભક્તિ તણી,
અભિગમ વિધી પંચે, અંગે નામેં તુજ ભણી. ૪
તુજ પદ પંકજ સાહુ, ઝાંખુ સુર્તિ અભીનવી,
તુજબીન અવર ન મારે, અંતરદેવ ન જગસવી;
ભાવેં ભકતી ભાવું, ગાઉ આનંદ કંદને,
સત્ ચિદ આંનંદ બકસી, દેજો ઉમેદ ચંદ્રને. ૫

અથિર સંસારનો પરિત્યાગ કરવા વિષે.

(હરિગીત છંદ.)

બહુ જ્ઞાનમાં ગુણ જાણિને પરમાણિને ઘર બારથી,
મન વાળિને રંગ ટાળિને દુઃખ ભાળિને વેવારથી,
સહુ શ્વાર્થિ પરીવારથી નિજ નારથી દુઃખ મારને,
તેહ કારણે ધિકાર છે નિઃસાર આ સંસારને. ૧

પિતા વિષે.

એ તાતનો કોઈ વાતનો તિલ માત્રનો સુખ ના ગણે,
ચિત તાતનો સુત ઘાતનો ત્રસ્માતનો લલતા પણે;
ત્રપ કનક આપેં રાજ જાપેં અંગ કાપે ધારને. તે. કા. ૨

(ભાવાર્થ.) જ્ઞાતા સુત્રમાં કનકરથ રાજાયેં રાજને લોભેં પોતાના પુત્રોનાં અંગ કાપીને ખોડિલા કર્યા.)

માતા વિષે.

એ માત ખોટી જન્મ મોટી ચિંત ચોટી જાતને,
નિજ કારણે સૂત મારણે દિલ ધારણે કુજાતને,
બ્રહ્મદત રાજા કાજ સાજા મેહલ તાજા બારને. તે. કા. ૩

(ભાવાર્થ.) ઉતરાધ્યન સુત્રમાં, ચુલણી રાણીયે પોતાના બ્રહ્મદત પુત્રને મારવાની ખાતર લાખના મેહલ મોટા ચણાવીને બાળી મારવા ગોઠવણ કરેલી હતી.

દિકરા વિષે.

એહ પૂત્ર ભારી લોભ ધારી ચિત ચારી આપનો,
કોણિક ક્રોધી વૈર સોધી રાજ રૈંધી બાપનો;
મધ્યેસનો છળ રેહસનો બંધેજમાં દેવારને. તે. કા. ૪

(ભાવાર્થ.) નિરીયા વળીકા સુત્રમાં શ્રેણીકરાજાનો પુત્ર કોણીકરાજા તેણે રાજને લોભે પોતાના વાહાલા પીતાને કાષ્ટ પાંજરે પુર્યો તેમજ માંમા કંશે ઉગ્રસેન રાજાને પાંજરે પુરીને મથુરાનો રાજ ભોગવી નર્કાધી પતીયોની હજુરમાં મોજ માંણવા ગયા.

ભાઇ વીષે.

એહ ભ્રાતનો સુખ લાતનો નહિ વાતનો કોઈ કારણે,
લઇ દાવને કરે ઘાવને ભરી પાવને દ્રોહિ મારણે;
જુગ બાહુ જારે વિષય લારે વિર મારે હારને. તે. કા. ૫

(ભાવાર્થ.) ઉતરાધ્યન સુત્રમાં નમી રાજાના પીતા મણીરથ

તેમના જુગબાહુ મોટા ભાઇયેં નાનાભાઇની સ્ત્રીને લોભેં ખડગેં કરી માથુ કાપ્યું. અહો ખરેખર! સંસારનો સબંધ સર્વ અનીત્યજ છે?

સ્ત્રી વીષે.

એ નાર પ્યારી નાહી તારી જાર લારી પ્રીત છે,
ધણી લાર કોપી ઝંગ રોપી લાજ લોપી ચિંત છે;
તેહ સુરિકંતા વિષય ચિંત્યા નાથ હંતા ધારને. તે. કા. ૬

(ભાવાર્થ.) રાયપ્રસ્ની સુત્રમાં પ્રદેસી રાજાની સુરીકંતા સ્ત્રીનો શ્વાર્થ અણ પોંહોંચતે પોતાના વાહાલા પતીને ઝેહેર ખવરાવી માર્યો. અહો! આ સંસારમાં સ્ત્રીયોનો થોડો જુલમ કેવાય?

બેહેન બેટી વિષે.

એ બેન બેટી કપટ પેટી લોભ લેટી આઇ છે,
નીત નીત આસા પિર વાસા ભુક્ત ખાસા ખાયછે;
કોદિ નિરાસી જાય પાછી ભુંકે રાસી ખારને. તે. કા. ૭

(ભાવાર્થ.) આ સંસારમાં બેહન દિકરીને વખતો વખત વાર તેહવારે તેડે યા આણા પરીયાણાની ધામ ધુમ સાચવે તો સંતોષ છે. કો દીવસ નીરાસપણે કાઢેતો ગધેડીની રીતે ભુંકેછે.

કુટુંબને જ્ઞાતી વીષે.

એ કુટંબ સારો માયાગારો નિઃશ્ચે ધારો ભાઇ રે,
તેહ નીત વંછે પડે પંચે ધન સંચે ચાઇ રે;

વળિ નાત ડોલે વાંકા બોલે જમણ બોલે દારને. તે. કા.૮

(ભાવાર્થ.) સંસાર કુટંબીયોની હરાંમ દાંનત છે, સબબ કે કુટંબમાં કોઈ વાંઝીયો ધનવંત માંદો પડે ત્યારે સર્વ કુટંબીયો તેનો મૃત્યુ ઇચ્છે જે યે મરે તારે સર્વ મિલકતના વારસદારો ભાગે પડતે થઇસું. તેમજ મરનારની પાછળ જમણ ન કર્યું હોય તો સારી ગ્નાતીવાળા સ્ત્રીને મેણાંદેછે.

રૂઢી વીષે.

તેં તારિ ધારી રિધિ સારી દુ:ખ વારી માયરે,
એમ આસ પાસે મુંઢ રાચે બેઠો માંચે ડાયરે;
જિમ નંદ રીધી જાસે શાધી ફરે વિધી હારને; તે. કા. ૯

(ભાવાર્થ.) આ સર્વ રીધી અનીત્યછે જેમ નંદરાજાની નવકું-ગરી મૃત્યું અવસ્થામે નકામી થઈ.

દેહ અસાર વિષે.

નહી દેહ તારો રોગ લારો દુ:ખ ધારો રોજનો,
ફરે રૂપ ચોંપે નારિ કોપે કાર લોપે મોજનો;
જૂગ ચક્રિ સોચે જરા પોંચે નિત રૂપે નારને. તે. કા. ૧૦

(ભાવાર્થ.) આ ગંદગીનીખાંણુને બંદગીનીહાંણ રૂપ સરીર સદા રોગથી ભરપુર વધ્યા વ્યસ્થામાં મોજીલી સ્ત્રીયોને ક-ળેસનુ સ્થાનક અનીત્યછે. જેમ ચોથા સનત કુમાર ચક્રવૃતિની સુર્યકીર્ણ જેવી કાયા ક્ષણમાં સોળ રોગોથી ઘેરાઈ, તે, સાતસેં વર્ષ પછી દુ:ખથી મુક્ત થયો.

વ્યર્થા જન્મ વિષે.

આ જન્મ જીસે મર્ણ દીશે જરા પીસે રૂપને,
જબ કાળ આવે નાહિ ફાવે મારે દાવે ભૂપને;
નર સુર રોકી શસ્ત્ર ઝોકી ગણે ન ચોકીદારનેં. તે. કા.૧૧

સારો જગત અસાર વિષે.

એ જગ્ત વાસા અનંત ફાંસા જો તમાસા જ્ઞાનથી,
છે નિપટ આશા દુઃખ રાશા કૌદિલાશા જ્યાં નથી;
સબ શ્વર્ગ મૃત્યુ નર્ક ભરત્યું જન્મ જરત્યું મારનેં. તે, કા.૧૨

• (ભાવર્થ.) આ અસાર સંસારમાં અજ્ઞાની ને અજાણ નરોને, શ્વપ્ન અવસ્થાના ભાષ્ય સરીખા સર્વ મતલબી સબંધીયો તેમજ ક્ષીણ ભંગુર દેહ તેમજ ચંચળ વીજળીના ચમતકાર સમાંન રૂધી વીગેરે અનેક ફાંસાઓમાં ધશી પડતા જાણીને તેના વારસ તરીખે થઈને સર્વ સબંધને શત બોદ્ધના જુસા સાથે, સભા મંડળના મેળાવડામાં, ધર્મ ગુરૂઓએં તાદર્શ યથાર્થ અસાર કહી બતાવ્યો. તેમજ તે અસારતાના દ્રષ્ટાંતો સાથે કારણોનો વિશેષણ પ્રકાસ કરી દેખાડ્યો, તેથી સાંતને સરલ શ્વભાવ વાળા ને જેને પરભવનો ડર માથે ધરાવ્યો તે પુરૂષોએ આ જુલમી જગત જાળના બંધનથી ચમતકાર પાંમ્યાં. હવે તેવા ભદ્ર શ્વભાવીયોના કુમણા અંતઃકરણ જોઇને જ્ઞાની ગુરૂ વિષેશ ચેતવણી કરેછે.

——o——

હવે સંસારને ધિકાર દેવરાવવા વિષે.

ચિત ચેતી ભોળા ખોલ ડોળા જ્ઞાન ગોળા વાગતે.
સર ધ્યાંન ધોળા ખાઝકોળા મિટે ચોળા આગતે;
વૈરાગ આણી જ્ઞાન જાણી સદ પ્રમાણી કારને,
ધીકાર ઘો ધીકાર ઘો નિઃસાર આ સંસારને. ૧૩
જિન ધર્મ ધારો મોહ નિવારો કર્મ આરો પામવા,
સમકીત લારો જ્ઞાન સારો વર્ત ધારો કાંમવા;
આશ્ર રૂંધી થા વિસૂધી બૌદ્ધ બૂધી ધારને. ધીકા. ૧૪
નિત વિનય કીજેં ગુરૂ રીઝે જ્ઞાન લીજેં ધારને;
એહ જગત મમતા મેલ વમતા આંણ સમતા યારને;
લે પારને મદ મારને સબ જાહાંનને ઉગારને. ધીકા. ૧૫
કશિ કમર જોરેં ચાલ મોરેં બંધ છોરે ચોપસું;
ધર ધર્મ ઝંડા ભર્મ ખંડા કર્મ ચંડા લોપતું;
ચડપકડદોટેં મદન ચોટેં કોડ કોટેં મારને. ધીકા.૧૬
તું તારે કાજેં જ્ઞાન ગાજે મોક્ષ જાજે વિરતું,
મચી આપ આપેં ધ્યાંન જાપેં કર્મ કાપે ધિરતું;
ગુણ ગ્રાહિ ગાઢો થાજે ટાઢો કૌતિ કાઢો તારને. ધીકા. ૧૭
સદ બૌધથી વચનો કથી સુભ જોગથી મેં આ સમેં,
આ સભા હેતેં ઉમંગ સેતેં ઉમેદચંદ જસ વાસમેં;
નિત નીત હરખો ધર્મ પરખો મુક્ત નિરખો ધારને. ધીકા.૧૮

સભા સમસ્તને જ્ઞાન અભ્યાસની સુચના વિષે.

(રાગ કલ્યાણ)

જગતપતી આપો સુભમતી. એ દેશી.

સભાસદો ભણી અર્જ મેં થુણી, લેજો ચિંતમાં ગણીને ભેદ આ સુણી
દિન દિન પરતેં જ્ઞાન ઉચ્ચરતેં, ધરતે ધીરજ ધ્યાંન;
સદા ઉલાશી જ્ઞાન અભ્યાશી, થાશી વધતે વાંન. સભા. ૧
મનમાં હરખી સગવડ સરખી, નિરખી પરખી તાસ;
જ્ઞાંન દાંન ઉતેજન આપી. લેજો સહુ સાબાસ. સભા. ૨
ધન ધન સુભદિન આજ સજનનો, ધર્મ જ્ઞાન પહીચાણ;
નિજ મન સબ જન સાંન સમજ કર, ધરો વચન થૈ જાણ. સભા. ૩
નિત નિત આવો જીન ગુણ ગાઓ, ચાહો જો સુખ ચેહન;
વિકટ જાળ જંજાળ જગતની, જાણોનેં સબ ફેંન સભા. ૪
સદ ગુણ વધવા જ્ઞાન પસરવા, ઉમેદચંદ્ર નિત આસ;
લેજો લેજો દેજો દેજો, જ્ઞાન દાંન ઉલાસ સભા. ૫

સમાપ્ત.

ખુશી પડે તે ખરીદો ને???

તૈયાર છે.

પુસ્તકનું નામ.	કિ. રૂ. આ.
ઉમેદચંદજી કૃત્ય કાવ્ય સંગ્રહ ભાગ. ૩ જો...	૦—૬
અથિરસંસાર વિષે (હરિગીતછંદ)........	૦—૧

રોકડી કિંમત ને ટપાલ ખર્ચ ૧ ટીકટ વધુ મોકલવાથી તુરત રવાના કરવામાં આવશે. નોટપેડ પત્ર નહિં લેવાય.

आत्मोपदेशक

ઉપરના નામનુ લઘુ પુસ્તક પોતાના આત્માને ઉપદેશ, તેમજ સર્વ દુરગુણોથી મુક્ત થવાને માટે અસર કારક બોધ્ધ સાથે પુરી ગમત આપનાર વિચીત્ર વિષયો તરંગોથી ગર્જના કરતું. અનેક ન્યાય સંબંધી દાખલા દલીલો સહીત, મન હરણ અને મનન કરવા યોગ્ય, સૃંગાર, અલંકાર, વૈરાગ્ય કરૂણારસથી ભરપુર, ધર્મિ પુરૂષોના ખાસ ઉપયોગને માટે, થોડી મુદતમાં અમારા તરફથી છપાવી પ્રગટ થશે. તેની કિંમત ફક્ત અગાઉથીજ ૪ આના અને પાછળથી ૬ આના રાખી છે.

ગ્રાહકોએ નિચેને શિરનામે પત્રથી લખવું.

તા. ૧—૬—૮૯.

શા. અંબાલાલ લાલચંદ.
ઠેકાણું. જીરાલા પાડે.
ખંભાત.